હેનશાહ એડવર્ડ ધી સેવન્થ,

અને

મહુવા.

ઇ૦ સ૦ ૧૯૦૩.

યોજક,
શેઠ. વલ્લભદાસ પોપટભાઈ
મહુવા—કાઠિયાવાડ.

વસ્તુ, આનંદ, ઊત્સવ.

આ આર્યાવર્તમાં પ્રાચીનકાળથી રાજ્યાભિષેકની તિથિ મહાન ઉત્સવ રૂપે ગણાતી આવી છેં. આર્યપ્રજા રાજાને ઇશ્વરતુલ્ય પૂજે છે. તેથી એવું ઐશ્વર્ય પ્રાપ્ત કરવાનો દિવસ પર્વણી પ્રમાણે ઉજવાય છે. આર્યપ્રજાને સ્વરાજ્ય તો નથી. દેશીરાજ્યોમાં તખ્તનશીન થવાના દિવસો ધામધુમથી ઉજવા કરવામાં આવે છે, પરંતુ તેમાં પ્રજાનો ઉમળકો વિશેષ નથી. કેમકે તે સાધારણ ધામધુમમાં પ્રજાનો વિશેષ પડતો ભાગ નથી. આજકાલ ચક્રવર્તી બ્રિટિશ શેહેનશાહત સાર્વભૌમ હોવાથી મહાસમર્થ છે. તેથી કરોડોનો ખર્ચ કરી ધામધુમને અપૂર્વ રંગ આપવા તે શક્તિમાન છે.

મરહુમ મહારાણી કૈસરે હિંદ વિકટોરિઆના રાજ્ય સમયથી બ્રિટિશ રાજ્યની ચડતી થતી ગઈ છે. તેમના વડા પુત્ર પ્રીન્સ ઑફ વેલ્સ જેઓ એક વખત આ ભારતદેશની મુલાકાત કરી ગયા છે તેઓ મહારાણીની પાછળ " એડવર્ડ ધી સેવન્થ " " સાતમા એડવર્ડ " એવું નામ ધારણ કરી બ્રિટિશ રાજ્યમાં ગાદીનશીન થયા છે. તે નામદારની રાજ્યાભિષેક ક્રિયા ઇંગ્લંડમાં અને આર્યાવર્તમાં જૂદે જૂદે અવસરે થઈ છે. તા. ૧લી જાનેવારી ઇસ્વીસન ૧૯૦૩ નો દિવસ આપણા તે નામદાર શેહેનશાહનો આ દેશમાં દીલ્હીમાં રાજ્યાભિષેકની ક્રિયા કરવાનો મહાન દિવસ હતો.

હિંદુસ્તાનના નામદાર વૈસરાય લૉર્ડકર્ઝને દીલ્હીમાં આ ઉત્સવ ઉજવવાની બારે ગોઠવણો કરી હતી. દેશ પરદેશના પ્રતિનિધિઓ, અમલદારો, દેશી રાજાઓ વગેરેનો ભવ્ય મેળાવડો મળ્યો હતો. ખર્ચ, શોભા, અને ઠાઠમાઠમાં અપૂર્વતા હતી. આ બધું જોઈને વર્ત્તમાનપત્રોવાળા તથા લોકો ઇન્દ્રપ્રસ્થના મહાન યુધિષ્ઠિર મહારાજાનો રાયસૂયયજ્ઞનો પ્રસંગ સંભારી તેની દિવ્યતા ભવ્યતા સાથે સરખામણી કરતા હતા.

મુખ્યત્વે દીલ્હીમાં અને અંશતઃ મુંબઈ કલકત્તા મદ્રાસ વગેરે શેહેરોમાં, એટલી બધી ધામધુમ થઈ કે તેનાં વર્ણનોથી વર્ત્તમાનપત્રો ભરાઈ જતાં હતાં. અને રોજ રોજ તેની નવી નવી ખબરો છાપવાની સ્પર્ધા કરતાં હતાં. જેનું વર્ણન ટુંકામાં લખી શકાય તેમ નથી.

દેશી રાજાઓ જાતે લાખોનો ખર્ચ કરી મોટા કાફલા અને હાથી ઘોડાઓ સહિત દીલ્હી ગયા હતા. અને ત્યાં તંબુઓની હારનીહાર ગોઠવી છાવણીઓ નાંખી હતી. દેશી રાજ્યના પાટનગરો અને ગામોમાં પણ ધામધુમ થઈ હતી. કાઠિયાવાડમાં ભાવનગરનું દેશી રાજ્ય પ્રથમ પંક્તિમાં હોઈ મશહુર છે. તેના તાબાના મહુવા કસ્બામાં, જે કસ્બો વેપારી હોઈ દરિયા કિનારે કાઠિયાવાડની દક્ષિણે ખુણે આવેલો છે, ત્યાં પણ આ રાજ્યકિય મહોત્સવની બારે ધામધુમ થઈ હતી. લોકોએ ઘણો આનંદ ભોગવ્યો હતો. આઠ દહાડા તમામ દરબારી ઑફીસો બંધ રહેવાથી ઑફીસરો અને સદ્‍ગૃહસ્થોએ મળી રમત ગમતમાં ને આનંદમાં દિવસો ગાળ્યા હતા.

ગરીબોને દાન મળ્યાં, બાળકોને મીઠાઇને ઇનામ મળ્યાં, લોકોને મોજમઝા મળી, વગર દીવાળીએ દીવાળી જેવા દિવસો લોકોએ જોયા, એ વાત ઇતિહાસમાં કાયમ યાદગાર રહી જવા જેવી બની છે. એ બધું કરવાનો રાજ્યનો હુકમ હતો. અને ઑર્ડર ઉપરાંત આગેવાન ગૃહસ્થોને પારાવાર ઉમંગ હતો. દિવસ ઉગતાંજ સાફસુફ કરેલા રાજ્યમાર્ગોમાં છંટકાવ થયો. રાજગઢમાં નોબતો વાગવા માંડી. અને લોકો ઉંચાં વસ્ત્રો પેહેરી દરબારમાં જવા લાગ્યા. નવ વાગતે વહીવટદારે કચેરી ભરી દેશી ગાયન કરાવ્યું વેપારી મંડળને પાન ગજરાને સાકર આપ્યાં, તથા મહારાજા સાહેબ તરફનું છપાયેલું ભાષણ વાંચવામાં આવ્યું. આ ભાષણમાં ભાવનગરના રાજ્યનો બ્રિટિશ મહારાજ્ય જોડેનો લાંબો સંબંધ તથા વફાદારીનું વર્ણન કરવામાં આવ્યું હતું.

તે દહાડે મુસલમાનોની ઇદ હતી છતાં તે કોમના આગેવાન ગ્રહસ્થોએ સમજ વાપરી સામેલગીરી કીધી હતી. બપોરે જમ્યા બાદ દરબારી મંડળને વેપારી મંડળ, જેમાં શેઠ મનજી નથુભાઈ આગેવાન હતા તે સર્વ વાગતેગાજતે બારના દરવાજા બહાર સીકંજામાં ગરીબોને લાપશીનું ભોજન આપ્યું હતું તે જોવા ગયા હતા. અને ત્યાંથી વળતાં કન્યાશાળામાં આવ્યા હતા.

કન્યાશાળામાં કન્યાઓ માટે ખાસ જોડેલી કવિતાઓ ગવરાવી ઇનામો અને મીઠાઈ વેહેંચી, સરઘસને રૂપે વાશી તળાવના દરવાજા બહાર ધર્મશાળાને મકાને ગયા. આ સ્થળને શોભાવ્યું હતું. કેળના સ્થંભો અને ધજાઓથી તથા રોશનીની ગોઠવણુથી દીપા-

વ્યું હતું. આખા ગામની બધી નિશાળોના છોકરાઓને અત્રે ભેગા કરવામાં આવ્યા હતા. અને મીઠાઈ તથા ઇનામો વેહેંચ્યાં હતાં.

ત્યારબાદ મેળાવડાનું કામ શરૂ કરતાં છોકરાઓએ કવિતાઓ ગાઇ હતી. અને વક્તાઓની ભાષણ માટે દૂટાટૂટ થઈ હતી. જ્ઞાન અને કેળવણીના પ્રમાણમાં આ બધું હતું ભાષણો, ઇનામો, અને મેળાવડાની મેનેજમેન્ટ શેઠ વલ્લભદાસ પોપટભાઈ હસ્તુ થવાથી ક્રમશઃ બધું કામ સાંગોપાંગ સારી રીતે પાર ઉતર્યું હતું. અને વાળા કશળાભાઈ માનાભાઇએ ધર્મશાળાના મકાનમાં બેઠક વગેરે ગોઠવણ ઉત્તમ પ્રકારે કરી હતી. કન્યાઓ માટે શેઠ વલ્લભદાસ પોપટભાઇએ નીચેની ગરબી જોડી આપી હતી.

કંકુ છાંટી કંકાવટી મોકલે, કોડે કહાવે સુભદ્રા બેહેન, વીરા વેહેલા આવજો. એ રાગ.

૧

સખી મંગળ મુહુરત આજનું, આજ આનંદ હોંશ વિશાળ—દીલ્હીદરબારમાં.
મળી લાખો મનુષની મેદની, મળ્યા મોટા મોટા મહીપાળ—દીલ્હી. ૧

ચડે એડવર્ડ હિંદ સિંહાસને, ચક્રવર્તી બને શેહેનશાહ—દીલ્હી.
ખરચે લાખો રૂપૈયા ખંતથી, કરે રાજ્યાભિષેક ક્રિયાય—દીલ્હી. ૨

શેહેર બહાર બનાવ્યા બંગલા, હાથી ઘોડા સવારીનો ઠાઠ—દીલ્હી.
શીરે કળશ સોનેરી ઝળહળે, દીપવિધુત ઝાકઝમાળ—દીલ્હી. ૩

જેવો જગન જુધીષ્ઠીરે આદર્યો, ધર્મરાય ધુરંધર ભૂપ—દીલ્હી.
એવો હાક મહોત્સવ આજનો, એથી વૈભવ વધતો અનૂપ—દીલ્હી. ૪

જેવા કૃષ્ણ વ્યવસ્થક ત્યાં હતા, એવા કર્ઝન અહીં કામધાર—દીલ્હી.
મયદાનવની રચના થકી, રૂડી રચના આ ભવ્ય અપાર—દીલ્હી. ૫

અહો ચોખા કંકાવટી હાથમાં, ઇષ્ટદેવ આરાધીએ આજ—દીલ્હી.
કરી પૂજાને આશીશ આપીએ, જીવો જુગજુગ રાજાધિરાજ—દીલ્હી. ૬

ધર્મશાળામાં મેળાવડામાં તાલુકા સ્કુલના વિદ્યાર્થિઓએ ઉપ-રનાજ ગૃહસ્થના રચેલા નીચેના હરિગીત છંદો ઉમળકા સહિત ગાઈ બતાવ્યા હતા.

૨

શું હસ્તિનાપુર પૂર્વનું આજે બન્યું રળીયામણું ?
પદ પાટનગરનું ભારતે પામ્યું પુનઃ પ્રાચીનનું.
શું મદ ગળ્યો મુંબઈ અને મદ્રાસ કલકત્તા તણો ?
દરબાર દીલ્હીમાં મળ્યો એડવર્ડના અભિષેકનો. ૧

શું ઇન્દ્રપ્રસ્થની રિદ્ધિસિદ્ધિ થઈ સજીવન ફારમી ?
શ્રીકૃષ્ણ કર્ઝનરૂપ થઈ શોભા વધારે હિંદની ?
શું સ્વર્ગભુવનથી ઉતર્યો ભભકો સુઇન્દ્રાસન તણો ?
દરબાર દીલ્હીમાં મળ્યો એડવર્ડના અભિષેકનો. ૨

લંકાથી હીમાચળ સુધી રંગુનથી સિંધુ સુધી,
આ હિંદ આખે હર્ષ કોળાહળ મચ્યો પરભાવથી ?
પુજોપચાર સ્થળે સ્થળે આ ત્રીશ કોટી મનુષ્યનો,
દરબાર દીલ્હીમાં મળ્યો એડવર્ડના અભિષેકનો. ૩

રાજ્યાભિષેક ક્રિયા નિમિત્તે કેદીઓ છુટી ગયા,
ઇલ્કાબ પામ્યાં માન પામ્યાં દેશી પરદેશી ઘણા;
કોઈ કાળ વિસરાશે નહીં એવો મહોત્સવ આજનો,
દરબાર દીલ્હીમાં મળ્યો એડવર્ડના અભિષેકનો. ૪

અંગ્રેજના અધિરાજનું દિનમાન ચડતું આ સમે,
મહારાણીજી વિક્ટોરિયાથી વિજય વધતો દિનદિને;
દક્ષીણ આફ્રીકા વધાર્યો શૌર્ય ડંકો સૈન્યનો,
દરબાર દીલ્હીમાં મળ્યો એડવર્ડના અભિષેકનો. ૫

જાપાન ચીન આસ્ટ્રેલિયા ઇરાનને વળી કેપના,
પ્રતિનીધીઓ દીલ્હી પધાર્યા પ્રેમથી પરદેશના:
આ દેશના મહિપાળ સહ મેળાવડો ભારે બન્યો,
દરબાર દીલ્હીમાં મળ્યો એડવર્ડના અભિષેકનો. ૬

નૃપ ભાવસિંહજી આપણા દીલ્હી પધાર્યા આ તકે,
તપજો અવીચળ રાજ્ય આ આશીષ ઉચરાતી બધે;
અહીં શેઠ મનજીભાઈ છે મોટી સખાવતનો ઝરો,
દરબાર દીલ્હીમાં મળ્યો એડવર્ડના અભિષેકનો. ૭

તાલુકા સ્કુલના વિદ્યાર્થિઓ ઉપરની કવિતા ગાઈ રહ્યા કે તરત જ બ્રાંચ સ્કુલના મેહેતાજી રા. કૃષ્ણરામ ભવાનીશંકરના દીકરા બળવંતરાયે લખેલું ભાષણ જરા લંબાણથી અધિકારીઓ અને શેઠીયાઓની સમક્ષ સારી છટાથી વાંચી સંભળાવ્યું હતું. આ નાનકડા વિદ્યાર્થિના ભાષણમાં વિદ્યાના લાભ અને ઉદારતા સંબંધી વિવેચન હતું, જે લંબાણ હોવાથી ભર્તૃહરિનો એક ઉત્તમ શ્લોક તેણે ગાઈ બતાવ્યો તે ઉતારીને જ સંતોષ માનીશું.

વસંતતિલકાવૃત.

किम् तेन हेम गिरिणा रजताद्रिणावा ।
यत्राश्रिताश्च तरव स्तरवस्त एव ॥
मन्यामहे मलय मेव यदा श्रयेणम् ।
कंकोल निंब कुटजा अपिचंदनाः स्युः ॥

ભાવાર્થ—સોનાનો પર્વત મેરૂ અને રૂપાનો પર્વત કૈલાસ છતાં તેના આશ્રિત વૃક્ષો વૃક્ષ જ રહ્યાં છે, તો તેથી શો લાભ થયો? પરંતુ મલયાચળના આશ્રયથી કંટોલ, લીંબડા અને કડુના ઝાડ પણ ચંદન થઈ ગયાં છે. તેથી તેને જ મોટો માનીએ છીએ.

આ પછી તે જ નિશાળના આસિસ્ટંટ જેશંકરે રા. કૃષ્ણરામ માસ્તરની બનાવેલી એક લાવણી સુસ્વરથી ગાઈ સંભળાવી હતી. આ રીતે ગુજરાતી પ્રાથમિક કેળવણીનો દેખાવ થયા પછી અંગ્રેજી

સ્કુલ આગળ આવી. અને તે સ્કુલના કેટલાક વિદ્યાર્થિઓએ અંગ્રેજીમાં રાજગીત ગાયું. અને પછી આ૦ માસ્તર હરગોવિંદદાસે રચેલી કવિતાઓ બે વિદ્યાર્થિઓએ ઉત્તમ રાગ ઢાળથી ગાઈ સંભળાવી હતી.

એ રીતે વિદ્યાર્થિઓ ઉકલ્યા પછી વક્તાઓનો વારો આવ્યો. વકીલ હરજીવનદાસ હરીશંકરે મહાત્મા અશોક, યુધિષ્ઠિર, અકબર, મરાઠા વગેરેનો ઇતિહાસ કહી સંભળાવી આવું ચક્રવર્તી રાજ્ય આ દેશમાં પ્રથમ જ છે વગેરે કહ્યું હતું. આ૦ માસ્તર હરગોવિંદદાસે આપણા શેહેનશાહની તથા ઇંગ્લંડની કેટલીક વાત કહીને કવિતાઓ ગાઈ બતાવી હતી. આ ભાષણ અને કવિતાની કૉપી નહિ મળી શકવાથી અત્રે દાખલ થઈ શકી નથી. તે પછી રા. રામપ્રસાદના ચીરંજીવી રા. હરિભાઇએ પિતાની જેવા જ સુસ્વર અને ઉત્તમ ઢાળ તાલ વાળું સરસ ગાયન ગાઈ સંભળાવ્યું હતું. વકીલ ચતુર ભુજે મહુવા કસ્બામાં અંગ્રેજી હાઇસ્કુલની જરૂરીયાત વિષે કહેતાં જ તાળીના ગગડાટ સાથે ચો તરફથી એ માગણીની પસંદગી જણાઈ આવી હતી. વકીલ દુર્ગાશંકરે પાશ્ચિમાત્ય પરોપકારી લોર્ડ જ્યૉર્જ પીબડી જેવા શેઠ મનજીભાઇને પરોપકારી પરદુઃખભંજન અને વખતોવખત મહુવાની હાજતોને પુષ્કળ દ્રવ્યથી જાળવી લેનાર કહીને તે સંબંધી વિવેચન કર્યું હતું. આ રીતે ભાષણો અને કવિતાઓની પુર્ણાહુતી થયા બાદ સૌની છેવટે સમાપ્તિનું ભાષણ અને કવિતાઓ શેઠ વલ્લભદાસ પોપટભાઈ તરફથી બોલવામાં આવ્યાં હતાં.

૩

શિખરિણી છંદ.

રસાલા શી આજે રસવતી બની અમૃત સ્રવે ?
સમુદ્રો શા રેલે ? ભુપતિ પદ પ્રક્ષાલન કરે !
અભિષેકે સૃષ્ટિ મચિ રહિ શીં આજે દશદિસે !
ઉઠો આર્યો વંદો અવનિપતિ એડવર્ડ નૃપને. ૧

પ્રકાસે શો ભાનુ ? કનકમય કાયા ધરીં દિસે !
અને આશો ઈન્દુ રજતમય ભારે ચકચકે !
મહારાજા માટે કુદરતિ લીલા ભવ્ય વિલસે !
નમો આર્યો આજે અવનીપતિ એડવર્ડ નૃપને. ૨

જુઓ વૃક્ષો વેલી ફળ ફુલ અહી વંદન કરે !
પહાડો ઉભેલા ક્ષિતિપતિ શિરે ચમ્મર ધરે !
વધાવે કન્યાઓ કુમ કુમ કરે અક્ષત ગૃહે,
ઉઠો આર્યો વંદો અવનીપતિ એડવર્ડ નૃપને. ૩

૪

વસંત તિલકા.

છે સાર્વ ભૌમ અંગરેજની બાદશાહી,
ને ચક્રવર્તી દશ દીશ ફરે દુહાઈ;

સૂર્યાસ્ત થાય નહિ એક સમે કદાપી,
રાજાધિરાજ એડવર્ડ મહા પ્રતાપી. ૧

લક્ષાવધી શુરવીરો જહિં સૈન્યમાં છે,
જેણે જગાવ્યું હમણાં જુધ ટ્રાન્સવાળે;
ફત્તે કરી વિમલ કીર્તિ દિગંત વ્યાપી,
રાજાધિરાજ એડવર્ડ મહા પ્રતાપી. ૨

૫

મેરે ગિરધર ગોપાલ, દુસરો ન કોઇ. એ રાગ.

ધન્ય દિવસ ધન્ય આજ—આજ છે વધાવાઇ;
આજ એડવર્ડ અભીષેકની વડાઇ—ધન્ય. } ટેક.

ધામધૂમ ગામ ગામ અખિલ હિંદ માંહી,
દીલ્હી દરબાર આજ કાલ એ નવાઇ— ધન્ય૦ ૧

દ્રવ્ય ઘણું ખરચી કર્યો ઠાઠ માઠ ભારી,
દેશ દેશના નરેશથી બની સવારી— ધન્ય૦ ૨

ઉત્સવે ઉમંગી હિંદવાસી અમીરાઇ,
પર્વથી અધીક ઊજવે તિથિ સવાઇ— ધન્ય૦ ૩

રામ ધર્મ ભોજ વિક્રમથી અધીકાઇ,
ન્યાયી ચક્રવર્તી એડવર્ડ બાદશાહી—ધન્ય૦ ૪

વર્ષોવર્ષ વર્ષગાંઠ ને વીતે જુબીલી,
એથી આ અપૂર્વ દિવ્ય દીપી રહી દીલ્હી— ધન્ય૦ ૫

હર્ષભેર બાલકો જમે જુઓ મીઠાઇ,
ગાય ગીત બાલકન્યકા ઉરે ફુલાઇ— ધન્ય૦ ૬

ધનાઢ્ય શેઠ મનજી નથુભાઇ જેઓ હિંદુસ્તાનમાં વિશેષે મુંબઇ ઇલાકામાં મહાન ગ્રેહામ કંપનીના કેરોસીન તેલના એક એજન્ટ હોઇ ઘણા પરોપકારી છે, તેમની, ઉપરના દરેક ભાષણો અને કવિતાઓમાં પ્રશંસા કરવામાં આવી હતી. કેમકે નામદાર બ્રિટિશ સરકાર અને નામદાર ભાવનગરના દરબાર તરફના ઉમળકામાં તેઓ પ્રથમથી મહુવામાં આવ્યા. અને આ મેલાવડો કેમ દીપી ઉઠે, ગરીબોને કેમ લાભ મળે તેવી હરેક યોજના કરતા હતા.

જાતે મુસલમાન છતાં હિંદુ ગરીબ ભિક્ષુકોમાં તેમજ ફકીરોમાં જરાએ તફાવત રાખતા નહોતા. રાંકાટોને લુગડાં અપાવ્યાં અને આશરે પાનસો ભિક્ષુકો લાપશી જમીને આશિર્વાદ આપતા હતા. અનાજની ગાડીઓ ખરીદીને ઘણાઓને ઘેર મોકલાવ્યું. ખોજાઓની એક નાતને જમાડી તથા તમામ મુસલમાનોને મીઠાઇ આપી રોજા ખોલાવ્યા હતા.

મેલાવડામાં બેસી નિશાળોના આશરે બે હજાર છોકરા છોકરીઓને એકસોદશ રૂપૈયાના પુસ્તકો વેંહચ્યાં. અને દરબાર તરફથી સાકર આપી તે જોડે મજકુર શેઠ તરફથી પાશેરીઓ અકેકો પેંડો

આપવામાં આવ્યો હતો. આ એક વખતની વાત થઇ. પણ જ્યારે જ્યારેપોતાના વતન મહુવામાં મુંબઇથી આવવું થાય ત્યારે દરેક વખત આવી સખાવતો કરતા જ જાય વગેરે ભ્યાન મેલાવડામાં બોલનારાઓ તરફથી થવાથી, મેલાવડો વિસર્જન થતી વખતે મજકુર શેઠ મનજીભાઇએ સર્વેનો ઉપકાર માનતાં ઉત્તર આપ્યો કે "મુંબઇના ગ્રહસ્થોને મુકાબલે મારાથી કશું બનતું નથી, માત્ર ફરજ ગણીને આવી કોશેશ હું કરૂં છઉં. આયંદે મારી કમાઇ વધતી રહેશે તો તેમાં તમો સર્વ મારા દેશી ભાઇઓનો હિસ્સો છે જ. લાયક હાજતમંદોને બનતી મદદ હું કરતો રહીશ." તાળીના ગગડાટ સાથે આ શબ્દો વધાવી લઇ મેળાવડો વિસર્જન થયો હતો.

તે પછી પીરની જગોમાં બધાઓ ગયા, અને રાત્રે રોશની જોઇ તેજ ધર્મશાળા નજીક આતશબાજી જોવા સર્વ ગ્રહસ્થો પધાર્યા હતા. આતશબાજી ટુંકા સ્કેલમાં પણ સુંદર દેખાવો સાથે ફત્તેહમંદ ઉતરી હતી. આ ખર્ચ પણ શેઠ મનજીભાઇ તરફની ગોઠવણનોજ હતો.

શેહેનશાહ એડવર્ડની ગાદી નશીનની મહાન ક્રિયા નિમિત્તે હિંદુસ્થાનને અરે સૌરાષ્ટ્રને છઠ્ઠે ખુણે પડેલા આ ગરીબ ગામડાએ જે મઝા ભોગવી તેનું આ સાદું વર્ણન છે. તે જાહેરમાં મુકવાનું વિશેષ પ્રયોજન હતું નહિ. પણ રાજભક્ત તેમજ ઉદાર પુરૂષોનું આંખે જોયેલું અનુભવેલું ઔદાર્ય પ્રકટ કરવામાં અનુકરણોની સંભાવના હોવાથી તેમાં જનમંડળનું હિત સમજાતાં આ પ્રવૃત્તિ થઇ છે. તેથી વિવેકી વાચકવૃંદ યોગ્ય સત્કાર કરશે જ. તથાસ્તુ.

ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.